# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 19-08-2026** **EVENING: 7.50 TO 8.00**

**Day: Wednesday** **National News**

## આકાશવાણી સમાચાર હીના મોદી વાંચે છે.

****************************************************

1) કેન્દ્રીય મંત્રીમંડળે ચાર રેલ્વે પ્રોજેક્ટ્સ અને એક ધોરીમાર્ગ પ્રોજેક્ટ સહિત પાંચ પ્રોજેક્ટ્સને મંજૂરી આપી.

2) માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું છે કે ભારતનો આર્થિક વિકાસ હવે વૈશ્વિક સ્તરે માન્યતા પ્રાપ્ત કરી રહ્યો છે.

3) સર્વોચ્ચ અદાલતે ભવિષ્યમાં પ્રશ્નપત્ર લીક અટકાવવા માટે રાષ્ટ્રીય પરીક્ષણ એજન્સીને સંસ્થાકીય બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

4) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જણાવ્યું હતું કે ટેકનોલોજી, મીડિયા, અર્થશાસ્ત્ર અને જાહેર નીતિની દુનિયા ઝડપથી બદલાઈ રહી છે.

5) માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ કહ્યું કે, સરકારની ટોચની પ્રાથમિકતા ઉચ્ચ-ગુણવત્તાવાળી માળખાગત સુવિધા પૂરી પાડવાની છે.

6) આજે ગોલમાં બે મેચની ક્રિકેટ ટેસ્ટ શ્રેણીની પહેલી મેચમાં ભારતે શ્રીલંકાને 165 રનથી હરાવ્યું.

*************************************************************************************

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# CABINET - PROJECTS

કેન્દ્રીય મંત્રીમંડળે આજે ચાર રેલ્વે પ્રોજેક્ટ્સ અને એક હાઇવે પ્રોજેક્ટ સહિત પાંચ પ્રોજેક્ટ્સને મંજૂરી આપી છે. નવી દિલ્હીમાં મંત્રીમંડળની બેઠક બાદ મીડિયાને માહિતી આપતા માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે આજે 13 હજાર 410 કરોડ રૂપિયાના આ પ્રોજેક્ટ્સને મંજૂરી આપી છે.

## (BYTE: ASHWINI VAISHNAV ON PROJECTS)

*પાંચ બહોત બડે ફેસલે લિયે હૈ. પહલે ચાર પ્રોજેક્ટ્સ હૈ જો કી રેલવે કે હૈ ઓર પાંચવા પ્રોજેક્ટ હાઈવે કા હૈ. પહલે ચાર પ્રોજેક્ટ મેં જો હાવડા સે ચેન્નઈ કી રૂટ હૈ, મેઈન લાઈન હૈ, ઇસ મેઈન લાઈન કે ક્વાડ્રુપલિંગ કે ડિસિશન્સ હૈ ઓર એક હૈ કટક સે પારાદીપ રેલવે લાઈન કા ક્વાડ્રુપલિંગ કા થર્ડ એન્ડ ફોર્થ લાઈન ઓર પાંચવા પ્રોજેક્ટ હૈ મુઝફ્ફરપુર સે સીતામઢી હોતે હુએ સોનવરસાઈ તક. યે ફોર લેન હાઈવે બનાને કા ટોટલ **₹13,041** કરોડ કે પ્રોજેક્ટસ આજ કેબિનેટ ને અપરૂવ કિયે.*

# ASHVINI VAISHNAV

માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું છે કે ભારતનો આર્થિક વિકાસ હવે વૈશ્વિક સ્તરે માન્યતા પ્રાપ્ત કરી રહ્યો છે. આજે નવી દિલ્હીમાં ઉત્તર પ્રદેશ-જાપાન રોકાણ સમિટમાં બોલતા , શ્રી વૈષ્ણવે કહ્યું કે દેશ છ થી આઠ ટકાના વિકાસ દરે પ્રગતિ કરી રહ્યો છે.

આ પ્રસંગે, ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું કે ભારત-જાપાન ભાગીદારી સહિયારા વિકાસ, ટેકનોલોજી અને સમૃદ્ધિ પર આધારિત છે.

## (BYTE - YOGI ADITYANATH)

*उत्तर प्रदेश आज भारत की टॉप थ्री इकोनॉमी में शामिल होते हुए भारत के विकास का ग्रोथ इंजन बना है। बीते नौ वर्षों में हमने सेफ्टी स्टेबिलिटी एंड स्पीड के साथ उत्तर प्रदेश के बजट को उत्तर प्रदेश की पर कैपिटा इनकम को तीन गुना करने में सफलता प्राप्त की है96 लाख से अधिक एमएसएमई यूनिट्स, 35000 से अधिक बड़े उद्योग और22000 से अधिक स्टार्टअप आज उत्तर प्रदेश की अर्थव्यवस्था को गति दे रहे हैं।*

કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું હતું કે ભારત-જાપાન સહયોગ એક મહત્વપૂર્ણ દિશામાં આગળ વધ્યો છે.

## (BYTE - SHIVRAJ SINGH CHAUHAN)

*जापान के साथ भारत की पार्टनरशिप केवल इन्वेस्टमेंट पार्टनरशिप नहीं है। ये डेवलपमेंट की पार्टनरशिप है। ये डिप्लोमेसी की पार्टनरशिप है। और ये डिग्निटी की पार्टनरशिप है। उत्तर प्रदेश आपको केवल इन्वेस्टर नहीं मानेगा। आपको डेवलपमेंट पार्टनर मानेगा। क्योंकि हम मानते हैं इन्वेस्टमेंट का सर्वोत्तम रूप वह है जो कैपिटल के साथ-साथ कैपेबिलिटी भी लाती है। टेक्नोलॉजी के साथ टैलेंट लाता है। और प्रॉफिट के साथ प्रॉस्पेरिटी भी लाता है और रेवेन्यू से ज्यादा रिलेशन मजबूत करता है।*

# SC NEET

સર્વોચ્ચ અદાલતે ભવિષ્યમાં પ્રશ્નપત્ર લીક અટકાવવા માટે રાષ્ટ્રીય પરીક્ષણ એજન્સીને સંસ્થાકીય બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો , જેમાં સુરક્ષિત માળખાગત સુવિધા, સમર્પિત પરીક્ષા કેન્દ્રો , સાયબર સુરક્ષા પ્રણાલીઓ , સંસ્થાકીય કુશળતા અને પરીક્ષા સંબંધિત કાર્ય માટે કાયમી પદ્ધતિનો સમાવેશ થાય છે.

NEET-UG 2026 પેપર લીક સંબંધિત અરજીઓની સુનાવણી કરતા અદાલતે શિક્ષણ મંત્રાલયના કેન્દ્રીય સચિવને રાધાકૃષ્ણન સમિતિની ભલામણો અને નંદન નીલેકણી સમિતિ દ્વારા સૂચવેલા જરૂરી સુધારાઓને અમલમાં મૂકવા માટે લેવામાં આવી રહેલા પગલાંઓની રૂપરેખા આપતું સોગંદનામું દાખલ કરવાનો નિર્દેશ આપ્યો હતો.

# PRESIDENT - IIS OFFICERS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રાષ્ટ્રપતિ ભવનમાં આજે જણાવ્યું હતું કે ટેકનોલોજી , મીડિયા, અર્થશાસ્ત્ર અને જાહેર નીતિની દુનિયા ઝડપથી બદલાઈ રહી છે. તેમણે ભારતીય માહિતી સેવા અને ભારતીય આંકડાકીય સેવાના તાલીમાર્થી અધિકારીઓ સાથેની વાતચીત દરમિયાન આ પ્રમાણે જણાવ્યું હતું.

રાષ્ટ્રપતિ મુર્મુએ તાલીમાર્થી અધિકારીઓને તેમની કારકિર્દી દરમિયાન સતત શીખવા અને અનુકૂલન કરવાની સલાહ આપી હતી.

# 70TH VICE PRESIDENT - UTTARAKHAND VISIT

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને જણાવ્યું હતું કે , 2047 સુધીમાં વિકસિત ભારતના લક્ષ્યને પ્રાપ્ત કરવામાં વન અધિકારીઓની ભૂમિકા મહત્વપૂર્ણ છે. તેમણે ભાર મૂક્યો હતો કે જંગલો , વન્યજીવન, જૈવવિવિધતા અને કુદરતી સંસાધનોના સંરક્ષણની સાથે વિકાસને પણ આગળ ધપાવવો જોઈએ. ઉપરાષ્ટ્રપતિએ આજે દેહરાદૂન સ્થિત ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય વન એકેડેમી ખાતે 2025-27 બેચના ભારતીય વન સેવાના તાલીમાર્થીઓને સંબોધન કર્યું હતું.

# RUSSIA-UK WARNING

રશિયાના વિદેશ પ્રધાન સેરગેઈ લવરોવે યુક્રેનને બ્રિટનના લશ્કરી સમર્થન સામે ચેતવણી આપતા કહ્યું છે કે રશિયન પ્રદેશ પરના હુમલાઓમાં બ્રિટિશ મિસાઇલ દળોની સીધી સંડોવણી યુદ્ધમાં ભાગ લેવા સમાન છે. રશિયાની અંદરના લક્ષ્યો પર લાંબા અંતરના હુમલામાં પ્રથમ વખત બ્રિટિશ-નિર્મિત ડ્રોનનો ઉપયોગ કરવામાં આવ્યાના અહેવાલ બાદ તેમની ટિપ્પણી આવી છે. લંડનમાં રશિયન દૂતાવાસે પણ યુક્રેનને ડ્રોન પૂરા પાડવા બદલ બ્રિટિશ સરકારને અનિશ્ચિત પરિણામોની ચેતવણી આપી હતી.

આ દરમિયાન, બ્રિટિશ વડા પ્રધાન એન્ડી બર્નહામે જણાવ્યું હતું કે બ્રિટન યુક્રેન સાથે મજબૂત રીતે ઊભું રહેશે અને રશિયા સામેની લડાઈમાં તેનું સમર્થન કરશે

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/**GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# BRICS YOUTH SUMMIT

ગાંધીનગરમાં આજે કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત રાજ્યમંત્રી રક્ષા ખડસે અને ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની હાજરીમાં બ્રિક્સ યુવા સમિટ અને બ્રિક્સ યુવા પરિષદની બેઠક શરૂ થઈ.

આ સમિટમાં શિક્ષણ અને ભવિષ્યની તૈયારી , સમાવિષ્ટ વિકાસ, પર્યાવરણીય જવાબદારી અને યુવા જોડાણ સહિતની મુખ્ય પ્રાથમિકતાઓની ચર્ચા કરવામાં આવી હતી. સમિટની સાથે , બ્રિક્સ યુવા પરિષદે લાંબા ગાળાના સંસ્થાકીય સહયોગને મજબૂત બનાવવા માટે સંયુક્ત ઘોષણાપત્ર અને બ્રિક્સ યુવા સહકાર માળખા પર ચર્ચા કરી હતી.

આ કાર્યક્રમમાં "ફ્રેન્ડ્સ ઓફ માય ઇન્ડિયા" પોર્ટલનું લોન્ચિંગ અને "સ્વયંસેવા પ્રથાઓના ડિજિટલ સંગ્રહ"નું અનાવરણ પણ કરવામાં આવ્યું હતું. સમિટ દરમિયાન , પ્રતિનિધિઓ ભારતની સમૃદ્ધ સાંસ્કૃતિક વિવિધતા અને વારસા વિશે જાણવા માટે કેવડિયામાં સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લેશે.

# RAJNATH SINGH - DEFENSE MINISTER OF JAPAN

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ આવતીકાલે નવી દિલ્હીમાં જાપાનના સંરક્ષણ મંત્રી શિંજીરો કોઈઝુમી સાથે દ્વિપક્ષીય બેઠક કરશે. આ બેઠકમાં દ્વિપક્ષીય સંરક્ષણ સંબંધોને વધુ મજબૂત બનાવવા, વ્યૂહાત્મક વિશ્વાસ અને સહયોગ વધારવા અને ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં સ્થિરતા અને સુરક્ષાને પ્રોત્સાહન આપવાની અપેક્ષા છે.

ભારતની તેમની પ્રથમ મુલાકાતમાં, શિંજીરો કોઈઝુમીએ આજે મુંબઈમાં પશ્ચિમી નૌકાદળ કમાન્ડની મુલાકાત લીધી , જ્યાં તેમણે નૌકાદળના વડા એડમિરલ કૃષ્ણ સ્વામીનાથન અને વેસ્ટર્ન નૌકાદળ કમાન્ડના ફ્લેગ ઓફિસર કમાન્ડિંગ-ઈન-ચીફ , વાઇસ એડમિરલ સંજય વાત્સાયન સાથે ચર્ચા કરી.

# NITIN GADKARI

માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ આજે જણાવ્યું હતું કે સરકારની ટોચની પ્રાથમિકતા ખર્ચ-અસરકારકતા જાળવી રાખીને ઉચ્ચ-ગુણવત્તાવાળી માળખાગત સુવિધા પૂરી પાડવાની છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે માળખાગત વિકાસની ગુણવત્તા સાથે કોઈ સમાધાન થઈ શકે નહીં.

શ્રી ગડકરીએ નવી દિલ્હીમાં ટનલ અને બ્રિજ કોન્ફરન્સ 2026 ની ચોથી આવૃત્તિને સંબોધતા આ મુજબ જણાવ્યું હતું.

## (BYTE: NITIN GADKARI)

*कि हमें इंटरनेशनल स्टैंडर्ड का परफेक्ट डिटेल प्रोजेक्ट रिपोर्ट सरकार में हम सब कामों में कैसे मिले और उसमें यह तो बिल्कुल स्वाभाविक है कि टेक्नोलॉजी अपग्रेड होती रहती है। इनोवेशन एंटरप्रेन्योरशिप, साइंस, टेक्नोलॉजी, रिसर्च, स्किल एंड सक्सेसफुल प्रैक्टिसेस। ट्रांसफर ऑफ नॉलेज इन टू वेल्थ इज द फ्यूचर।*

# KOLKATA - FIERCE FIRE

કોલકાતા પોલીસે ન્યૂ માર્કેટ વિસ્તારમાં મિર્ઝા ગાલિબ સ્ટ્રીટ લાઈટમાં આવેલી એક હોટલમાં આગ લાગતા નવ લોકોના મૃત્યુ માટે આગની તપાસ માટે એક ખાસ તપાસ ટીમ (SIT) ની રચના કરી છે.

સાત સભ્યોની SIT નું નેતૃત્વ DCDD સ્પર્શ નિલંગી કરી રહ્યા છે. મૃતકોમાં બે મહિલાઓ અને એક બાળકનો સમાવેશ થાય છે. સોળ ઘાયલોને હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે.

# COLOMBIA - DEATH TOLL

કોલંબિયામાં આવેલા 7.4 ની તીવ્રતાના શક્તિશાળી ભૂકંપમાં મૃત્યુઆંક વધીને 312 થઈ ગયો છે, જેમાં 4 હજાર 611 લોકો ઘાયલ થયા છે અને 290 હજુ પણ ગુમ છે.

રાષ્ટ્રીય આપત્તિ જોખમ વ્યવસ્થાપન એકમે અહેવાલ આપ્યો છે કે આશરે 277 ઇમારતો ધરાશાયી થઈ છે, જ્યારે લગભગ 30 હજાર ઘરોને નુકસાન થયું છે. રાહત અને બચાવ કામગીરી ચાલુ છે.

દરમિયાન ભારતે પણ ગયા અઠવાડિયે તેના પ્રથમ શિપમેન્ટ તરીકે 20 મેટ્રિક ટન રાહત પુરવઠો મોકલ્યો હતો.

# TEST CRICKET - INDIA VS SRI LANKA

આજે ગોલમાં બે મેચની ક્રિકેટ ટેસ્ટ શ્રેણીની પહેલી મેચમાં ભારતે શ્રીલંકાને 165 રનથી હરાવ્યું. ભારત શ્રેણીમાં 1-0 થી આગળ છે. ભારતે શ્રીલંકાને જીતવા માટે 372 રનનો લક્ષ્યાંક આપ્યો હતો. શ્રીલંકા 206 રનમાં ઓલઆઉટ થઈ ગયું. ભારત તરફથી માનવ સુથારે છ, પ્રસિદ્ધ કૃષ્ણાએ બે, જ્યારે રવિન્દ્ર જાડેજા અને મોહમ્મદ સિરાજે એક-એક વિકેટ લીધી. શ્રીલંકાના કેપ્ટન ધનંજય ડી સિલ્વાએ 151 બોલમાં 59 રન બનાવ્યા, જ્યારે સોનલ દિનુષાએ પહેલી ઇનિંગમાં સદી અને પછી બીજી ઇનિંગમાં 84 રન બનાવ્યા.

# MOITRA WARRANT

પશ્ચિમ બંગાળના નાદિયા જિલ્લાની એક અદાલતે તૃણમૂલ કોંગ્રેસના સાંસદ મહુઆ મોઇત્રા વિરુદ્ધ કથિત દ્વેષપૂર્ણ ભાષણના કેસમાં હાજર ન થવા બદલ ધરપકડ વોરંટ જા હેર કરવાનો આદેશ આપ્યો છે. કૃષ્ણનગર અદાલતે 28 ઓગસ્ટ સુધીમાં વોરંટના અમલ અંગેનો અહેવાલ રજૂ કરવાનો પણ નિર્દેશ આપ્યો છે.

# UTTARAKHAND - RAIN

ઉત્તરાખંડમાં વરસાદને કારણે ઘણા વિસ્તારોમાં , ખાસ કરીને પર્વતીય વિસ્તારોમાં માર્ગ અને ટ્રાફિક ખોરવાઈ ગયો છે. અમારા સંવાદદાતાએ અહેવાલ આપ્યો છે કે, પિથોરાગઢના ધારચુલા વિસ્તારમાં ગઈકાલે મોડી રાત્રે ભારે વરસાદને કારણે ધારચુલા-તવાઘાટ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર કુલાગઢ ખાતે બેલી પુલ તૂટી પડ્યો હતો. રસ્તાને સુધારવાના પ્રયાસો ચાલી રહ્યા છે.